# ગુજરાતમાં ભાંભરાપાણીનાં એકવાકલ્ચરમાં વૈવિધ્યકરણ

## ગુજરાતમાં ભાંભરાપાણીનાં એકવાકલ્ચરમાં વૈવિધ્યતાની તકો

- ✓ ૫૦૦૦ હેકટર વિસ્તારમાં ઝીંગા ઉછેર, જેનો ૯૦ ટકા વિસ્તાર દક્ષિણ ગુજરાતમાં છે.
- ✓ હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન ફકત એક જ ઝીંગાનો પાક, જેમાં ટાઈગર અને વેનામાય પ્રજાતિઓ પ્રચલીત છે.
- ✓ શિયાળાના સમયગાળા દરમ્યાન અત્યંત નીચું તાપમાન હોવાથી કુંઠિત વિકાસ અને ઓછા ઉત્પાદનને કારણે ખેડૂતો ટાઈગર ઝીંગાની ખેતી કરતા નથી અને તળાવો ખાલી રહે છે.
- ✓ નવસારી કૃષિ યુનિવર્સિટીએ ઝીંગાની એક નવી પ્રજાતિ બનાના ઝીંગાના ઉછેર માટે શિયાળામાં સંશોધન હાથ ધરવામાં આવેલ.
- ✓ બનાના ઝીંગાની શિયાળામાં નીચા તાપમાને (૧૦ થી ૧૨ ડીગ્રી સે.) અને વધુ ખારાશમાં (૪૦ થી ૪૫ પીપીટી) પણ સારી વૃઘ્ધી થાય છે એટલે આ પ્રજાતિનો ઉછેર શિયાળામાં ખાલી રહેતા તળાવોમાં કરી, ખેડૂતો સારુ ઉત્પાદન અને વધુ આવક મેળવી શકે છે.

## બનાના ઝીંગાનું અર્થકરણ (હેકટર દીઠ)

| | |
|---|---|
| ઉછેરનો સમયગાળો | ઓકટોમ્બર થી ફેબ્રુઆરી |
| સંગ્રહ દર (પી.એલ/ચોમી) | ૧૦–૨૦ |
| પાક અવધિ | ૯૦ થી ૧૧૦ દિવસ (૧૫ થી ૨૦ ગ્રા) |
| ઉત્પાદન (પ્રતિ હે) | ૧૨૦૦ થી ૨૩૦૦ કિલો |
| બજાર ભાવ (પ્રતિ કિલો) | રૂા. ૨૪૦/– થી રૂા. ૩૩૦/– |
| ઉત્પાદન ખર્ચ (પ્રતિ કિલો) | રૂા.૧૩૦/– થી રૂા. ૧૪૦/– |
| કુલ ખર્ચ(પ્રતિ હે) | રૂા.૧.૬૨ થી રૂા. ૨.૮૦ લાખ |
| કુલ આવક(પ્રતિ હે) | રૂા. ૨.૫૨ થી રૂા.૪.૮૦ લાખ |
| ચોખ્ખો આવક(પ્રતિ હે) | રૂા. ૦.૯૦ થી રૂા. ૨.૦૦ લાખ |


બનાના ઝીંગા






**નોંધઃ** દક્ષિણ ગુજરાતમાં શિયાળાની ઋતુ દરમ્યાન ફાજલ રહેતા ૪૦૦૦ હે તળાવો પૈકી ૫૦% એટલે કે **૨૦૦૦ હે વિસ્તારમાં બનાના ઝીંગાનોઉછેર** કરવામાં આવે તો મત્સ્ય ખેડૂતો **૩૦૦૦ ટન ઝીંગાનું** ઉત્પાદન લઈ **રૂા. ૨૪ કરોડ વધારાની આવક** વધારાની આવક મેળવી શકે છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી અને CIBA, ચેન્નઈનાં સંયુકત ઉપક્રમે દક્ષિણ ગુજરાતમાં કરવામાં આવેલ પ્રારંભીક અભ્યાસના પરિણામો દર્શાવે છે કે માછલીની નવી પ્રજાતિઓ જેવી કે **મીલ્કફીશ, પર્લસ્પોટ, સીબાસ** વગેરે **ખારા, ભાંભરા અને મીઠાપાણીમાં તળાવ તેમજ પિંજરામાં ઉછેર** કરી સારૂ ઉત્પાદન મેળવી શકાય તેમ છે.


સીબાસ માછલી


પર્લ સ્પોટ


મીલ્કફીશ


ઈમ્યુનોસ્ટીમ્યુલન્ટ
સીબાસ્ટીમ



પ્રયોગશાળા

## ખેડૂત ઉપયોગી હાથ ધરવામાં આવેલ પ્રવૃતિઓ

- ✓ ઝીંગાનાં ખોરાકમાં સીબાસ્ટીમ પ્રોડકટનાં ઉપયોગથી ઝીંગાની રોગપ્રતિકારક શકિત વધવાથી ૧૫ થી ૨૦% વધુ ઉત્પાદન મેળવી હેકટર દીઠ રૂા.૪૦,૦૦૦/– નો વધુ ચોખ્ખો નફો મેળવે છે.
- ✓ જેને દક્ષિણ ગુજરાતનાં મત્સ્યખેડૂતોએ મોટા પાયે અપનાવેલ છે.
- ✓ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે CIBA, ચેન્નઈની સહાયથી ગુજરાતમાં એકમાત્ર એવી એકવા–લેબોરેટરી કાર્યરત કરેલ છે જેનો લાભ રાજયનાં મત્સ્ય ખેડૂતો મેળવે છે.